શ્રીવિષ્ણુ પરમાત્માના અનન્ય બાળ ભક્તરાજ

ધ્રુવકુમાર.

નાટકના ઓપેરા.

શ્રી વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક કંપની માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર

રાવળ ત્રંબકલાલ દેવશંકર.

શ્રી વાંકાનેર આ. હિ. વ. ના. કં. ના માલેક.

વડોદરા.

આવૃત્તિ ૫ મી. પ્રત ૨૦૦૦

અમદાવાદ શહાપુર વનમાળીવાંકાની પોળમાં હરિભાઈ દલપતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપ્યા.

સંવત ૧૯૭૨. સન ૧૯૧૬.

કીંમત રૂ. ૦-૨-૦.

શ્રી વિષ્ણુ પરમાત્માના અનન્ય બાળ ભક્તરાજ.

ધ્રુવકુમાર નાટકનો ટુંકસાર.

અંક પહેલો.

પ્ર. ૧ લો–ઇશ્વિર સ્તુતી, સુત્રધાર તથા ભરત મુનીનો નાટય શાસ્ત્ર સંબંધી સંવાદ, ભરત મુનીનો આશ્રમ બદલાઈ માતા સરસ્વતીનું પ્રગટ થઇ આશીરવાદ આપી અંતરધ્યાન થવું.

પ્ર. ૨ જો–માહેસ્મતી નગ્રના મહારાણા ઉત્તાનપાદના પાટવી કુમાર ધ્રુવજીનું પોતાના લઘુ બંધુ સાથે પ્રભુ ભજન કરતા રાજ મારગમાં નીકળવું. કઈ અવસ્થામાં પ્રભુ ભજન કરવું તે ઉપર ઉત્તમ તથા રાજગોર તુળજારામ સાથે કુમાર ધ્રુવજીએ કરેલું વાંવેચન, જન્મ દીવસની ખુશાલી પ્રસંગે પોતાની માતા સુરૂચીને અવાસે આવવાને આગ્રહ કરી કુમાર ધ્રુવને ઉત્તમનું તેડી જવું પછી પુરૂષોત્તમ પુરાણીનું આવવું, અને તુળજારામે કથાના ખરડામાં સવા રૂપીયો નોંધાવ્યો છે તેની ઉઘરાણી કરવી, તુળજારામે નહિ આપવા કંહેવું, બન્નેની તકરાર.

પ્ર. ૩ જો–પોતાની માનીતી નવી રાણી સુરૂચીના અવાસે મહારાજા ઉત્તાનપાદે ઉત્તમના જન્મ દીવસની ખુશાલીમાં ભરેલો ભવ્ય

દરબાર, કુમાર ધ્રુવજી સાથે ઉત્તમનું આવવું, રાણી સુરૂચીને વશ થઇ તેના કુમાર ઉત્તમને મહારાજા ઉત્તાનપાદનું પ્રેમથી ઉછંગમાં બેસવા બોલાવવું અને કુમાર ધ્રુવજીને વીસરી જવું, ભ્રાતૃ ભાવની અપુર્વ પ્રીતિને પરીણામે જેષ્ટ ભ્રાતા ધ્રુવજીને પીતાના ઉછંગે બેસવા ઉત્તમનું બોલાવવું, અપર માતા સુરૂચીયે કુમાર ધ્રુવજીનું અપમાન કરી મહેણું મારવું, ધ્રુવે કરેલી દીલગીરી, તુળજારામનો દીલાસો. અપર માતાના વાક્યને બોધરૂપ સમજી પીતાના અલ્પ ઉછંગના સુખને અભાવે શ્રી જગત્પીતાના અભય ઉછંગમાં બેસવાને લાયક થવાનો નીશ્ચય કરી કુમાર ધ્રુવનું જવું.

પ્ર. ૪ થો–અણુમાનીતિ રાણી ધ્રુવજીની માતા સુનીતીને અપશુકનથી થતી ચીંતા, ત્યાં તુળજારામની સ્ત્રી ગુણવંતીએ ધીરજ દેવી, બાદ કુમાર ધ્રુવજીએ આવી ઈશ્વર ભજન અર્થે જંગલમાં જવા સારૂ માતા પાસે રજા માગવી, સુનીતીનો કરૂણા જનક વાત્સલ્ય ભાવ, ધ્રુવજીની અડગ વૃત્તિ, સુનીતીનો શુભ આશીરવાદ ધ્રુવજીનું વનમાં જવું.

પ્ર. ૫ મો–તુળજારામ તથા તેની સ્ત્રીની ધ્રુવજી પ્રત્યેની લાગણીના ઉદગાર, તેવામાં પુરૂષોત્તમ પુરાણીનું સવા રૂપીયાની ઉઘરાણી માટે આવવું; તુળજારામ પોતાના છોકરા રમુજીલાલને પોતે મરવા પડયો છે એવું સમજાવી સનેપાત થવાનો ડોળ કરી બીજા પાંચ રૂપીયા પડાવે છે અને સવા રૂપીઓ માફ કરાવે છે.

પ્ર. ૬ ઠ્ઠો–નવી રાણી સુરૂચીનું ધ્રુવજી વનમાં જવાથી હર્ષિત થવું ત્યાં રાજા ઉત્તાનપાદનું તેનાં સ્ત્રી ચરીત્રથી મોહાંધ થવું.

પ્ર. ૭ મો—સુરપતિ ઈંદ્રરાયની પુત્રી ઇંદ્રગવરીની સાહેલીઓ સાથે શીયળ મહીમાના ગરબાની ગમત, મહાત્મા નારદજીનું આવવું ને ઇંદ્રગવરીની હસ્તરેખા જોઇ ધ્રુવજી સાથે વરવાનું ભાખેલું ભવીષ્ય ધ્રુવજી સાથે વરવાની ઇંદ્રગવરીએ કરેલી પ્રતીજ્ઞા.

પ્ર ૮ મો—અઘોર જંગલમાં કુમાર ધ્રુવજીનું નીકળવું નારદ મુનીનો સમાગમ, ધ્રુવજીની ઇશ્વર ભજનમાં અડગ ટેક જોઈ ગુરૂદીક્ષા આપી મધુવનમાં તપ કરી શ્રી વિષ્ણું પરમાત્માના દર્શન પ્રાપ્ત કરવા મોકલવા.

પ્ર. ૯ મો—સ્વર્ગમાં ઈંદ્રરાયની કચેરી, નારદ મુની સાથે મૃત્યુ લોક સંબંધે ઇંદ્રરાયની વાતચીત ધ્રુવજીની ઉગ્ર તપશ્ચર્યાના પ્રભાવે વાયુંનું રૂંધન થયાથી દેવતાનું અકળાઇને આવવું. ઈંદ્રરાયે ધ્રુવજીની તપશ્ચર્યા ભંગ કરવા માટે કરેલો વીચાર બાદ ઇંદ્રાસનનું ડોલવું; અને દેવ સભાનું આશ્ચર્ય થવું.

અંક બીજો.

પ્ર. ૧ લો—રમુજીલાલે માતા પીતાનો પ્રેમ જોવા તેના ભાઈબંધને પોતાનો હાથ ભાગ્યો. છે એવા ખબર આપવા મોકલવો. ગુણવંતીનુ પોતાના દીકરા રમુજીનો હાથ ભાંગી ગયાના ખબર સાંભળી દલગીર થવું, તુળજારામે પોતાની નાસીકા જોઇ રમુજીલાલને કાંઈ નથી થયું એમ કહેવું. ગુણવંતીયે તેને

ઉત્તાનપાદે જેમ નીરદય થઇ ધ્રુવજીને દુભાવી વનમાં મોકલ્યા તેવા તમે પણ નીરદય છો એવાં વચન સંભળાવવાં, નગર ચર્ચા જોવા નીકળેલા ઉત્તાનપાદને ઉપલાં વાક્યો સાંભળી થયેલો અફસોસ. તુળજારામે ધ્રુવજીને શોધવા જવા કરેલો નીશ્ચય.

પ્ર. ૨ જો—પુત્ર વિયોગથી પીડાતા મહારાજા ઉત્તાનપાદનું શોક ભુવન, તુળજારામે તથા કુમાર ઉત્તમે શાન્ત થવા કહેવું તેવામાં રાણી સુરૂચીનાં મારમીક વચનો સાંભળતાં રાજાના પસ્તાવામાં વધારો કુમાર ઉત્તમે પોતાની માતા સુરૂચીને ગર્ભીત ક્રોધ સાથે શોક ભુવનમાંથી ચાલ્યા જવા કહેવું; નારદજીએ આવી ધ્રુવજીના કુશળ સમાચાર આપી સઉનું મન શાંત કરવું.

પ્ર, ૩ જો—માયાના મસ્ત વિચારો, ત્યાં ઇંદ્રરાજે તેને ધ્રુવજીને છળવા જવા માટે કહેવું માયાનું ધ્રુવજીને દુઃખ દેવા માટે દીલગીર થવું.

પ્ર. ૪ થો—હીમાલયના ઉપવનમાં સખીઓ સાથે ઇંદ્રગવરીનો આનંદ, ઇંદ્રપુત્ર જયંતનું આવવું, ધ્રુવજી સાથે વરવાના ઇંદ્રગવરીના ઉદગાર સાંભળી જયંતનો ક્રોધ, નારદજીના આગમનથી લાચાર થઇને જયંતે ધ્રુવને સમુદ્રમાં ફેંકી દેવાનો નિશ્ચય કરી જવું.

પ્ર. ૫ મો—ઇંદ્ર મહારાજની આજ્ઞાથી ધ્રુવજીનું ધ્યાન ભંગ કરવા તપહારીણી સેના સાથે માયાનું મધુવનમાં આવવું, માયાવી બળે વસંત પ્રકટાવી રીદ્ધી સીદ્ધી દ્વારા ધ્રુવજીને લોભાવવાની યુક્તી રંભા વગેરે અપસરાઓનો નાચ, ધ્રુવજીના હૃદયમાંથી વાસનાનું નીકળવું, ભક્તીનું શુદ્ધ સ્વરૂપે ધ્રુવજીના હૃદયમાં પ્રકાશવું, ધ્રુવજીને શોધવા નીકળેલ તુળજારામ તડાકીયાનું વનના વીચીત્ર ચમત્કારો જોઈ ડરી પાછા જવું દેવ માયાએ ધ્રુવજીની

માનું રૂપ ધરી ધ્રુવજીને ધ્યાનમાંથી જગાડવા કરેલી કોશીષ, ધ્રુવજીના શરીરમાંથી જ્વાળા નીકળતાં માયાનું ડરી પાછું હઠવું.

પ્ર. ૬ ઠો—રાણી સુનિતીની ધ્રુવજીની આરોગ્યતા માટે પ્રભુ પ્રાર્થના કુમાર ઉત્તમે આવી ધ્રુવજીને વનવાસ દેવામાં પોતાનું નીરદોષપણું દેખાડી દીલગીરી જાહેર કરવી. બાદ મહારાજા ઉત્તાનપાદનું અપમાન. પોતાથી થયેલ ભુલ માટે રાણી સુનીતી પાસે ક્ષમા માગવી, સુનીતીની પતી પ્રત્યે અનન્ય ભક્તિ.

પ્ર. ૭ મો—ધ્રુવજીનું તપ ભંગ કરવાની યુક્તીઓ નીષ્ફળ જવાથી દેવગુરૂ બ્રહસ્પતી સાથે ઇંદ્રરાયની વાતચીત, નારદજીએ આવી ધ્રુવજીને હેરાન ન કરવા ઇંદ્રરાયને કરેલી સુચના. બાદ બ્રહસ્પતીની સલાહથી શ્રી વિષ્ણુ લોકમાં બાળ ભક્ત ધ્રુવજીની ઉગ્ર તપશ્ચર્યાનું શ્રી વિષ્ણુ પરમાત્માને સ્વપ્નામાં ભાન થતાં નીંદ્રામાંથી જાગી ઉઠવું, લક્ષ્મી સાથે ભક્તો પ્રત્યે અપુર્વ લાગણીનું વીવેચન. બાદ બ્રહ્માજી સાથે ઇંદ્રાદી દેવોનું આવવું. ઇંદ્રની શંકા ટાળી સર્વ સાથે બાળભક્ત ધ્રુવજીને વર આપવા શ્રી વિષ્ણુ પરમાત્માનું મધુવનમાં જવું.

અંક ત્રીજો.

પ્ર. ૧ લો—સુનીતીના મહેલમાં પોતાથી થયેલ અપરાધની ક્ષમા માગવા સુરૂચીનું આવવું સુનીતીએ જણાવેલી નીરમળતા બાદ મહારાજા ઉત્તાનપાદે આવી બન્ને રાણીઓને સુસંપમાં સાથે જોઇ જણાવેલી શાન્તિ.

પ્ર. ૨ જો–ધ્રુવજીને ઉપાડીને સમુદ્રમાં ફેંકી દેવાની ધારણાથી ઇંદ્ર પુત્ર જયંતનું આવવું, ધ્રુવજીને ઉપાડવા જતાં જયંતનું અંગ જડાઈ જવું, પારષદનું પ્રગટ થવું, જયંતનું પોતાથી થયેલ અપરાધ માટે પારષદના કહેવાથી ધ્રુવજીના પગમાં પડવું, પારષદની તેને મારી આપવી, ને કહેવું. બાળ ભક્તરાજ ધ્રુવજીને વર આપવા સર્વે દેવો સાથે શ્રી વિષ્ણુ પરમાત્માનું પધારવું. તથા અવિચળ પદ અરપણ કરવું તથા નારદજીને ભક્તરાજ ધ્રુવજીને તેના પીતાના રાજ્યમાં લઇ જવા કહેવું ભક્તરાજ ધ્રુવજીના કરેલ અપરાધથી મુક્ત થવા સારૂ પોતાની પુત્રી ઇંદ્રગવરીનાં લગ્ન ધ્રુવજી સાથે કરવા ઇંદ્રરાયે માગેલી શ્રી વિષ્ણુ પરમાત્માની આજ્ઞા.

પ્ર. ૩ જો–નારદજી તથા ભકતરાજ ધ્રુવજીનું નગર નજીક આવવું, ત્યાં ધ્રુવજીના પુર્વાવતાર સંબંધી વીવેચન કર્યા બાદ તેના આગમનના સમાચાર આપવા ઉત્તાનપાદ પાસે નારદજીનું જવું, ઉત્તમનો ભેટો બાદ આમ મંડળ સાથે માતા પીતાનું સામઇયું લઇ આવવું, અને ભકતરાજ ધ્રુવજીને લઇ આનંદ મંગળથી નગ્રમાં જવું.

પ્ર. ૪ થો–ધ્રુવજીના હિતચીંતક ગોર તુળજારામ તડાકીયાને સંસ્કારી જાણી માયાની મોહ જાળથી છોડાવવાની નારદજીની યુક્તી.

પ્ર. ૫ મો–તુળજારામના મ્રત્યુના ખબરથી ગુણવંતીનો અફસોસ તેવામાં તુળજારામનું આવવું તેને ભુત સમજી ગુણવંતીયે તથા તેના પુત્રે માર મારવાથી દુઃખી થવું નારદજીયે આવી તેનું અજ્ઞાન ટાળી સત્ય જ્ઞાન સમજાવવુ.

પ્ર. ૬ ઠ્ઠો— વજી સાથે લીધેલી પ્રતીજ્ઞા રદ કરવા ઇંદ્રાણીએ ઇંદ્રગવરીને સમજાવી, ત્યાં મધુવનમાંથી જયંતનું નીરાશ થઈ પાછા આવવું, બાદ ઇંદ્રરાયે આવી ધ્રુવ તો પ્રતાપી ભક્તરાજ છે તેવું જાહેર કરી ઇંદ્રગવરીને તેની સાથે પરણાવવાનો વીચાર, તથા ઇંદ્રગવરીનો અપુર્વ આનંદ.

પ્ર. ૭ મો—ભક્તરાજ ધ્રુવજીનો રાજ્યાભીષેક ઉત્તાનપાદે ધ્રુવજીને આપેલી શીખામણ, ત્યાં ઇંદ્રરાયે આવી પોતાની પુત્રીનું ધ્રુવજીને કન્યાદાન દેવું બાદ નારદ મુંનીયે ધ્રુવજીને તેમનું અવિચળ પદ બતાવવું. **શાંતિ શાંતિ શાંતિ:**

પાત્રોનાં નામ.

સુત્રધાર, નટી, બાળાઓ—નાટ્યકાર સ્ત્રી પુરૂષ.

ધ્રુવજી—મહારાજા ઉત્તાનપાદના પાટવી પુત્ર ને શ્રીવિષ્ણુ પરમાત્માના અનન્ય બાળ ભકત.

ઉત્તમ - ધ્રુવજીનો ઓરમાન ભાઈ.

તુળજારામ—ધ્રુવજીનો મિત્ર અને રાજ્ય ગોર.

ઉત્તાનપાદ—માહેશમતીના મહારાજા ને ધ્રુવજી તથા ઉત્તમના પીતા.

નારદજી—સુરમુની.

ઈંદ્રરાય—સુરપતી.

બ્રહસ્પતી—સુરગુર,

જયંત—ઇંદ્રરાયના પુત્ર.

શ્રી વિષ્ણુ—જગન્નીયંતા.

ચિત્રકેતુ—જયંતનો પાસવાન.

લક્ષ્મીજી—શ્રી વિષ્ણુ પરમાત્માની વિભુતિ.

સુરૂચી—કુમાર ઉત્તમની મા. ઉત્તાનપાદનાં માનીતાં નવાં રાણી.

સુનીતી—કુમાર ધ્રુવજીનાં માતા ઉત્તાનપાદનાં અણમાનીતાં રાણી.

ઈંદ્રગવરી—ઇંદ્રરાયની પુત્રી તથા ધ્રુવજીનાં થનાર પત્ની.

ઈંદ્રાણી—ઇંદ્રરાયની પત્ની.

ગુણવંતી—તુળજારામની સ્ત્રી.

રમુજીલાલ, બ્રહ્માજી, સરસ્વતી, દેવગણો, માયા, અપ્સરાઓ પારશદ, પુરાણી, દરબારીઓ વારાંગનાઓ વીગેરે.

શ્રીગણેશાય નમ:

ધ્રુવકુમાર.

નાટકનાં ગાયનો.

અંક પહેલો.

સુત્રધાર— ૧

સ્મરણે ધરી નામ, શરણ ચહું પ્રભુ કષ્ટ કાપો ધરણીધરા
મમ બાંહ્ય ગ્રહી પતી, સરલ મતી દે
સફલ કાર્ય કરવા—સ્મરણે.

બાળાઓ— ૨

અમે એવા શ્રીનાથજીને વંદીએ આ વાર,
ભુદરા ભકતોના પ્રતિપાળ—અમે.
નારદ શારદ ભાવ ધરીને ભજે, સુરનર મુનીવર પોતાનો ગર્વ સહુ તજે
કરતા હરતા શ્રી કૃપાળ આ—અમે.

સુત્રધાર— ૩

બ્રહ્મા સુત તવ નામ શુભ, સંભારીને આજ;
વિનય વાણીથી માગીયે, મંગળ કર અમ કાજ.

બાળાઓ, સુત્રધાર તથા નટી—૪

ભજો મન વશ કરીને અજર અમર શ્રીવર ભુધર જગમાં જાનગીને
પ્રભુજીનાં ભજન એવાં તાર્યા ગજ ગુણીકા જેવાં

ભજ્યા જેને ભાવેથી વિશ્વવીહારી જાઉં તેને વારી વારી બલીહારી—ભજો
મોહ રૂપ જળથી ભર્યું, આ ભવસાગર ઠામ;
તેને તરવાનું કર્યું એ, શ્રીહરિ કેરૂં નામ—ભજો.

ધ્રુવજી— ૫

હે મન ભજન સુધારસ પી લેરે, બેઠું શું મુખ ઢીલેરે-મન.
સાર નથી કાંઇ આ સંસારે, સમતાથી સમજી લેરે-મન.
તું કોણ ને કોણ છે તારૂં, અંતરથી ઓળખી લેરે-મન.

તુળજારામ, પુરૂષોત્તમ— ૬

ગોર આંઠે નહિ દામ ધરી મોટાઇનું નામ
દોડી આવ્યો શું કામ મુખ બાળવા
બોલી સંભાળ, ઉઠે છે ઝાળ નહિ તો તારો નક્કી થશે કાળ
પૈસો આપું ન એક મારૂં માથામાં મેખ મારી ધારેલી ટેક નીત પાળવા
છળ બળે સવા રૂપીઓ લઉં મરે ભલે પણ પાઇ ન દઉં
જા જા જા અહીંથી જા...........ગોર.

દરબારીઓ— ૭

મહારાજા જગ જીવો ઘણું આશીશ આપીયે ભરી દરબાર—મહા.
સુખમાં ગમન ગુણી ગુણવાન, પ્રેમી પ્રજાને અતીશય માન;
અરીનો નાશ સહાય શ્યામ, સુખમાં સ્નેહે સાચવી સંસાર—મહા.

વારાંગનાઓ— ૮

પાયે પાયે પીયાર અબે કહાં જાઓગે લાલન હમાર
જાને ન દઉંગી તાબેમેં રહુંગી સોહેમેં સહુંગી કહોગેજો
વારી વારી બલીહારી અંકધારી લાલ પ્યારી રૈન સારી હમ ગુજારી
નેન મેન સેન કેસર ભારી હતડારી ગીદીગીન ગીદીગીન ધા ધા(૩)—પાયે.

બતાકે પ્રીતિ તુમ લઉ જીતી ધારૂં ન ભીતી જરાબી મેં
વાર વાર પ્યાર કાર અંકાર માર મારસે સુધાર ઉર ઠાર
દેહ ગેહ નેહ તુમપે વારી કરો પ્યારી ગીદીગીન ધા ધા (૩)

ધ્રુવજી— ૯

ચટપટ ચેત હેત કર હરીશું મરણ ભમે છે માથે રામજી
ધામ ધરા ધન સુત ધણીઆણી સેવક નાવે સાથે રામજી
મોટાપણાનું માન ભરાયું તેમાં કાંઇ નવ સુજે રામજી
જમના કીંકર જોશો ત્યારે થર થર કાયા ધ્રુજે રામજી
કર સતસંગ અંગ હોય નીરમળ રંગ હૃદયમાં લાગે રામજી
ભાવ ધરી ભગવંત ભજી લઉં તો ભવનો ભય ભાગે રામજી—ચટ.

સુનીતી, ધ્રુવજી— ૧૦

પુરણ સત્ય પાળી શ્રીરામને રીઝાવજો,
વચન આપનાં ચઢાવી શીર રહું રઘુવીર—સત્ય.
થશે સફળ કામ શુભ સઉ તમારૂં એમ ધારી હું અંતરને વારૂં
રહેમ દ્રષ્ટિથી સર્વદા અમારૂં સિદ્ધ થાશે મમ કામ એમ ધારૂં
પુષ્પે વધાવું મોતીડે વધાવું મારા બાલુડા વ્હેલા આવજો—સત્ય.
નીરખું નયન ભરી નેહથી આનંદકારી મુખ જરી
લઉં વારણાં હુલાસમાં આશીશ આપું છું ફરી
સુખથી રહો આનંદમાં મુજ માતુ ચિન્તા નવ કરો
જગનાથ માગું પ્રેમથી મુજ પુત્રની રક્ષા કરો.

સુરીચી, ઉત્તાનપાદ— ૧૧

વાહ વાહરે રસીયા હૃદયે વસીયા, પ્રેમ પીંજરે ફસીયા
આવો અલબેલી આવો, પ્રેમે અધરામૃત પાઓ

આવું સારી સેવા બજાવું પ્રીતમ ગુણ ગાઉં હઇયામાં હરખાઉં
હો રસીયા કરી કસોટી મેં કસીયા........વાહ વાહરે.

ઈંદ્રગવરી, દાસીઓ—ગરબો-૧૨

સખી શરદચંદ જો પ્રકાશીઓ પ્રભા થકી નભે
ચિત્ત ચતુરાનો એ ચોર સખી જો ચડયો નભે

સ્ફટીક સુમેરૂ સમ ચઢી, શ્વેત છટા ચહુદીશ;
પતિ વિના પ્રમદાઓને, હૃદય ચડે છે રીસ.

વીધ વીધ પક્ષીનાં વેણુથી ચીતડાં ચમકે છે........હાં હાં
પ્રેમ ભરી પ્રમદાઓનાં દીલડાં ઠમકે છે........હાં હાં
મદન વ્યાપીને અંગ દુઃખડાં અતિ દેછે........હાં હાં
કામીનીઓના કર્ણમાં કાંઇ જાદુ કે છે........હાં હાં

સાધે સુખ શ્રૃંગારનું, સ્વર્ગ તણા સહુ દેવ;
આલીંગી અંગનાઓની, નીત્ય કરે છે સેવ.

પણ એ પ્રભુની ભક્તિ વિના સુખ સહુ દુઃખ જણાય
ભક્ત હરિનો હોય પતી જો આનંદે ઉર ઉભરાય—અહોનીશ.

નારદ— ૧૩

હોય ભક્ત પતિ ભવ મહીં, તરે તારે સંસાર;
સદા રહે પતિ સાથમાં, ધન્ય ધન્ય તે નાર.

નારદ— ૧૪

ભજ ગોવિંદં ભજ ગોવિંદં, ગોવિંદં ભજ મુઢ મતિ;
ધામ ધરા ધન કામ ન આવે, અંતે અળગાં થાશેરે.
પળ પળ પ્રાણી હરીને ભજતો, જીવ સ્વર્ગમાં જાશેરે.

ઈંદ્રગવરી— ૧૫

પ્રીતેથી મેં તો લીધી છે પ્રતિજ્ઞા આ બેની,
લોભાણી છું હું ખ્યાતી જાણી એની—પ્રીતેથી.
નારદજીની વાણી સુણીને ચિત ચોટયું સુંદર વરમાં
હરી ઈચ્છાએ હીરલો લાધ્યો હુંતો થઇ ચુકી તન મનથી તેની–વાહ.

ધ્રુવજી— ૧૬

નોધારાના આધાર પ્રભુ મારા એકલાનાટો બેલી ભાગ્યનાછો ભેરૂ (૩) રામ
માત પિતાને મેં તો મીથ્યા સબંધી ધારી મનથી હું મુકુછું વીસારી વા.
સર્વે ભક્તોને જ્યારે ભીડ પડી છે ત્યારે, ધાઇને ગયા છો વનમાળી વા.

નારદ— ૧૭

તમે ચેતોને સમય વીતી જાયેરે સુધડનર માનો જીવન વ્રથા જાય હોજી
માયાને મંદિરીયાં ને કુટુંબ કબીલા જોઈ હૈયામાં કાં હરખાય હોજી
જમના કીંકર જ્યારે ઝાલીને જાશે ત્યારે તું તારા મનમાં મુઝાય સુ૦
હવે તો હરીને ભાઇ ભાવેથી ભજી લેને કાં તુ ગારામાં ગોથાં ખાય હોજી
આરે અવતાર તારો એળે જો જાશે ભાઇ જીવડો ચોરાશીમાં જાયરે.

ઈંદ્રસભા— ૧૮

છાઇ રંગ બેરંગી ઉમંગી સુસંગી રહ્યો રંગ સઉ અહીં સ્થાન
અમન ચમન અમ્રત વરસે મણીમય જળ હળ સ્વર્ગનું ધામ
અજર અમર દેવ નામ મોહ મનોહર ઇંદ્રનું ધામ—છાઇ.

અંક બીજો.

ઉત્તાનપાદ— ૧૯

ખળ ખળ ખળ આંસુ આંખથી આ ખરે છે
ધગ ધગ ધગ હૈયું બાપડુ આ બળે છે
પળ પળ પળ પ્રગટે અંગમાં અગ્નિ એનો
વીરહ બહુ દમે છે આજ કુમાર ધ્રુવનો
ધ્રુવજી વીના મારૂંરે જીવન થયું ખારૂં (૨) સઉ સુખ અકારૂં—ધ્રુવ.
નારીના નેહે લપટાઇ ભુલ કરી ભારી ન્યારૂં કર્યું બાળ બીચારૂંરે—જી૦
રાજ તાજ વૈભવ બધા જોઇ બળે ઉર લાય
પુત્ર વિયોગે પ્રાણ મુજ પાપી કેમ ન જાય હાય થશે શું હવે મારૂંરે—જી૦

નારદ— ૨૦

સઉ રામ નામને સાધોરે સંતો પ્યારા ભાઇ ભક્તિ રસ્તે વાધોરે—સંતો.
આવ્યા સઉ હરીને મળવા સમજીને સુકૃત કરવા
આ ભવસાગરથી તરવારે................સંતો.
ગીતાજી ગાઇ કહે છે રામાયણમાં પણ તે છે,
વેદ પુરાણ એમ વદે છેરે...............સંતો.

માયા— ૨૧

માયા હું મદમાતી યોવનમાં લચકાતીરે
શોભા સુંદર મમ તન ધારે, રંભા રતીનો ગર્વ ઉતારે
સકળ લોકમાં શક્તિ ધરાવી, સુરનર સર્વેને રોવરાવી
મુનીવરને ગોથાં ખવરાવી, ખુબ ઉરે ખુશી થાતીરે—

માયા— ૨૨

જોઇ માયા મોટા મોટા ભરમાયા ખોઈ કાયા રણમાં રોળાયા શાણીજાયા
માયાને માટે મરાણા ધીર વીર સમર્થ ને શાણા છેલ્લા નર પણ છેતરાયા
ધીરા ધ્રુવજીયે ધાર્યા હૃદયે પરમેશ્વર પ્યારા
હારૂં એથી હું હિંમત હારૂં
લોભે તે લોભાવું બતાવી મારી માયા—જોઇ.

ઇંદ્રગવરી, દાસીઓ— ૨૩

જાને ઘેલી સાહેલી છો મન મેલી સતાવે શાને મારી બેન
આવી વાણી જાણીને જાઉં હારી વાહ શાણી
જોઈ ચતુરાઇ તારી હું હારી ભાન સારી
ના ગભરાવો કાં દુભાવો શું કૂર થાઓ બસ દુર જાઓ—જાને.
લાગી કટારી કારી કરૂં ક્યાં જઇને હું રાવ મારૂં મન બહુ મુંઝાય
જીવ જાય ના સેવાય ના રેવાય ના કેવાય કાંઈ કંઇ થાય ઉર ગભરાય૦

જયંત, ઇંદ્રિગવરી— ૨૪

દુર દુર દુર નફ્ટ બાળા પ્રગટે જ્વાળા ઉરમાં ભારી
વીરા વદો શું આ વીના વિચારે ક્રોધ હાય ના ખમાય છુટે કંપારી–દુર
રાંકના ઉપર રોશ કરો કાં ભગીની મારી હત્યારા ઠરો કાં
જુલમ કરો કાં જનેતાના જાયા થઇને ડાહ્યા
ચુપ ગમાર પ્રગટે જ્વાળા—દુર.

ઇંદ્રિગવરી, દાસીઓ— ૨૫

મોહ્યુંરે મન સુંદરવર ધ્રુવમાં, ચોટયું ચોટયું (૨) રે મન.
માત પિતા ભલે ભારે ભય આપે કાપે શીશ આ મારૂં (૨) રે મન.
ચંદ્ર સાથે ચકોરી જેવું તેવું ચિત્ત આ લાગ્યું લાગ્યું (૨) રે મન.

માયા— ૨૬

વાવા શી શોભા મધુવન વૃક્ષો શોભાવતાંરે
હરષ ઉભરાવતાંરે પ્રીત પ્રસરાવતાંરે—વાવા.
વીકસીત સુગંધીત સરસ સુમન પર રસ ચુસે મદ મસ્ત મધુકર
કોકીલ કલરવ મુનિજન મન લોભાવતાંરે તપો તોડાવતાંરે-વા.

માયા, અપ્સરા— ૨૭

પ્રીય પ્યારા છો મારા ધુતારા થઇને આમ શું બેઠા
આમ શું વ્હાલા ઠગો છો ઠાલા ઉઠોને રંગ રમોને રઢીયાળા
અનંગ આગ લાગી અંગ લાલા તે સમાવો વ્હાલા–પ્રિય.
રંગે રમાડો વિરહ સમાવો આલીંગન દઈ હયોને લાવો
નાથ કાં સતાવો સ્નેહે બોલાવો દયા ઉર લાવો
ના શરમાવો વ્હાલ વધારો સેવા સ્વીકારો સ્વામી છગીલા–પ્રીય.

સુનીતી— ૨૮

પાય લાગી લાગી આજ માગું છું મોરારી
માગું છું મોરારી આજ સ્હાય શામ તારી
પુત્ર મારો પ્રાણ પ્યારો આવ્યો શરણે તારી
બીરદના પ્રતિપાળ પ્રભુ લેજે તું ઉગારી
મુજ રંકનું એ રત્ન મળ્યું જે મોંઘે પ્રયત્ન
હેમ ક્ષેમ રાખો વિભુ અહોનીશ યાચું પ્રભુ–પાય.

સુનીતી— ૨૯

ચાહું છું સેવા સદા સ્વામી તમારી રંગ રાગ કદી માગું નહિ મનથી
આરે સંસારી સુખ સઘળાં હું આતશબાજી સમ ગણું ઉરથી વ્હાલા
પતી તમ પદ રજ મમ હીતકારી—

નારદ— ૩૦

મન હરીહર કેરૂં ધ્યાન ધરો મુક્તીનો મારગ એજ ખરો
દુરાચાર તજી સતસંગ કરો...........મન.
હું ને મારૂં એ બેઉ તજો ગરવ છોડી મન રામ ભજો
ભાવ ભજન તવ રદય ભરો....... .....મન.

લક્ષ્મીજી વગેરે— ૩૧

પોઢો પ્રિય પરમાનંદ પ્યારા હાં હીંચોળે સુંદર દારા
જીવન ઝુલો રઢીયાળા છબીલાજી છોગાળા........પોઢો.
પાતળીયા પંખો કરી, વાયુ ઢોળું નાથ;
શીતળ સુગંધી સ્નેહથી, સીંચું સહુ સખી સાથ.
ગુણીયણ ગજરા, ગુંથ્યા છે સારા અરપું નારાયણ તમને
હવે પોઢોજી પોઢોજી પોઢો પ્રાણેશ..... ....પોઢો.

વિષ્ણુ— ૩૨

અહા શું ધ્રુવ ભકિત તમારી જાણી હર્ષ થયો ભારી
છ માસથી એકાગ્ર થઇને અન્ન ફળ જળનો ત્યાગ કરી
બેઠા છો તમે મુજ ધ્યાન ધરી તે સ્મરણ થયું સ્વપ્ને–ભકિત,

ઇંદ્રાદિ દેવો, લક્ષ્મી, દાસીઓ—૩૩

હે જગ્ત તારક ભય વિદારક શ્રષ્ટિ ધારક શ્રીપતિ
છો દીનદયાળા જય કૃપાળા જાદવા વિશ્વપતિ
તારી અલૌકીક પ્રગળ યુકિત કળી ન શકતી મુજ મતિ
વિદ્વાન કે મુનિવર મનુજો પાર પામે ના રતિ

મેરૂ કરો ત્રણુમય ક્ષણે ક્ષણુમાં કરો ત્રણુમય તરૂ
એવા રમાવર આપ મુક્તિ ધામ તે કેમ વીસરૂં
સેવે ચરણુરજ શંભુ પ્રીતે પરમ હીતમય સૌખ્યદા
વ્યાધી પ્રલય કરો ભ્રાંતી સઉ હરો શાન્તિ કરજો સર્વદા.

અંક ત્રીજો.

સુનીતી— ૩૪

પ્રભુ અકળકળા તારી પામે નહિ કોઇ પાર
ક્ષણુમાં રાજા રંક બનાવે રંક પરે તું છત્ર ધરાવે
ઘડી હસાવે ઘડી રડાવે નટ મરકટ વત સઉને નચાવે
પ્રણુમું વારંવાર.....................પામે.

સુનીતી, સુરૂચી, ઉત્તાનપાદ—૩૫

સુંદર શામળીયારે સૌભાગ્ય તણુા શણુગાર
ગણું ગુણુવંતારે અમારા આધાર
તમ સમ શ્યામા જોઇને હું માનુ ભાગ્ય અપાર
ગણુાય છે આ ભવસાગરમાં સેતુ રૂપ સતી નાર
અપાવે સ્વર્ગ તણુાં સુખ સાર—સૌભાગ્ય.
ચાહે ચકોરી ચિત્તમાં જેમ ચંદ્ર તણુોરે પ્રકાશ
એમ હું ચાહું ચોંપથી સ્વામી તમ સેવાને ખાસ
ખરૂં છે અમ તરવાનુ નાવ–સૌભાગ્ય.

વિષ્ણુ— ૩૬

આશ મારી ઉર ધરી, જંજાળ જગની પરહરી;
બાળક વયે વશ તેં કર્યો, રીઝાવ્યો બહુ તપ કરી.
છો પ્રાણથી પણ પ્રિય મને, શીરોમણી સૌ ભકતમાં;
ભક્તિ ભાવે નહિ ચડે, તું થી અવર આ વિશ્વમાં.

વિષ્ણુ— ૩૭

છે ધન્ય ભાવ તમ ભક્તિ તણો ધ્રુવ ભકત શીરોમણી ખાસ–જગત.
અમુલ્ય અવિચળ પદ લેવામાં થયા છો પુરા પાસ–જગતમાં ભકત.
આ સંસાર અસાર ગણીને, જે રાખે મુજ આશ–જગતમાં ભકત.

નારદ, ધ્રુવજી— ૩૮

પ્રિય શીષ્ય પ્રભુને પ્રસન્ન કર્યા, તમ જન્મ જન્મના ફેરા ટળ્યા;
વિદેહી સમ સદા વિચરજો, નિશદીન નીતિ અંતર ધરજો.
શીષ્ય તમારો નહિ ડગનારો રહેશે ન્યારો,
જળ કમળ વત હરદમ ભવમાં ભર્યા—પ્રિય.

ધ્રુવજી— ૩૯

તારો અવસર જાય અભાગી જીવડા જો જાગી જો જાગી
સદા ચરણ પ્રભુની સેવા આદર કર્યો ન એવો
આ ભવમાં નર દેહ ધર્યો પણ રહ્યો જનાવર જેવો–જીવડા.
સમજીને તું ચેતી લેજે ભલો સમય છે ભાઈ
હૃદય માંહી શુદ્ધ ભાવ ધરીને લેજે હરીગુણ ગાઈ જીવડા–તારો.

સુનીતી, સુરૂચી, સ્ત્રીઓ—૪૦

આજે આનંદ સાગર રેલીયો
સોનાનોરે કાંઈ ઉગ્યો છે સૂર્ય કે વેગે મળ્યાં રે વધામણાં

રીતે પ્રિતે પ્રભુને રીઝાવ્યા વીર ધ્રુવજીરે પધાર્યા છે પુર—કે વેગે.
મેં તો મોતીના ચોક પુરાવ્યા વાટે ઘાટેરે વેરાવ્યાં છે ફુલ—કે વેગે.
ધન્ય આજ ઘડીરે આનંદની વરસે છેરે કાંઈ અમૃત નુર—કે વેગે.

નારદ— ૪૧

આ મીથ્યા મોહમાં ઓ પાપી જીવડા
શ્રીહરિ વીસરીને કાં ગોથાં ખાય છે
માયાના મદમાં કાં તણાઇ જાય છે
સાચી ભક્તિ કરો દીલથી તો મુક્તિ થાય છે

ઈંદ્રિગવરી— ૪૨

વાહ વાહ પ્યારા પ્રભુજી તેં મારી કીધી આશા પુરી
રાખી ના અધુરી મોરારી
પામી સ્વામી આ સહુ દુઃખડાં વામી હવે હરખેથી વાલાની સાથે ઉમંગે
રહીને હું સંગે રમીશ રોજ રંગે પ્રિતેથી રીતેથી ચિતેથી ચાહું
સુંદરવરથી સેવા સારી...........વાહ વાહ.

વારાંગનાઓ— ૪૩

ધનીસાસા ધનીસાસા નીસારેરેગ ગપમગમગરેસા
ગરેગરેગમપ ગમપ ગમપ નીનીનીની ધધધધ
પપપપમ પમગ મગરે ગરેસા—ધની
ગગગગમપ નીનીનીની ધધનીસા
સાની સાનીધપ ધપમ પમગ મગરે ગરેસા—ધનીસા

અવિચળ પદનાં દર્શન.

રોગી અને નિરોગી બંનેને લેવા લાયક તદન વનસ્પતિની.

પુરૂષો તથા સ્ત્રીઓ માટે એક સરખી ઉપયોગી

આતંકનિગ્રહ ગોળીઓ.

આ અજાયબ જેવી દવા વિર્યની વૃદ્ધિ કરે છે. ખરેખરૂં પુરૂષત્વ આપે છે, લોહી સુધારી કાંતિમાં વધારો કરે છે, સ્ત્રીઓનાં ગર્ભાશય સુધારી ગર્ભનું પોષણ કરે છે, અજીર્ણનો નાશ કરી જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે. શરીરમાં અતિશય બળ આપે છે, દસ્ત સાફ લાવી શરીરને સ્વસ્થ રાખે છે, સ્વપ્નામાં તથા પેસાબમાં ધાતુનું જવું. પ્રમેહ, પ્રદર, આંખની નબળાઇ, ચકરી, કળતર, નબળાઈ, હિસ્ટીરીયા, માથાનું દરદ તથા પેસાબનું વારંવાર થવું વગેરે દરદો નાશ કરવામાં એ ગોળીઓ હરીફાઇ વગરનો રામબાણ ઇલાજ સિદ્ધ થએલ છે.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંકનિગ્રહ ઐાષધાલય—કાલબાદેવી રોડ, મુંબાઈ.

કે જમનાદાસની કુંપની.

ક્રીટ્સન, કંટ્રી લેમ્પો તથા ઇલેકટ્રીકને લગતો સર્વે સામાન પરફ્યુમરી, સીગારેટસ તથા ક્રીસ્ટીની દરેક જાતની ટોપીઓ વિગેરે છુટક તથા જથાબંધ વેચનાર.

ઠે. ૧૭૧ કાલબાદેવી રોડ—મુંબાઇ.

જાહેર ખબર.

નીચે લખેલા ઓપેરા કંપનીમાંથી રોકડી કીંમતે મળશે.

જગતસિંહ	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
શૈલબાળા	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
વિદ્યાપ્રતાપ	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
ઇન્દુમતી	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
રમણસુંદરી	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
સંસારી સાવિત્રી	...નાટકના ઓપેરા ..	...૦—૨—૦
સીતા સ્વયંવર	.. નાટકના ઓપેરા ..	...૦—૨—૦
કળિયુગની સતિ.	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
પ્રેમની પુતળી.	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
કામાંધનાં કાવત્રાં	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
સુશીલ સુંદરી	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
દારા ઔરંગઝેબ	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
વેરની વસુલાત	...નાટકના ઓપેરા...	.. ૦—૨—૦
નરસિંહ મહેતો	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
મીરાંબાઈ	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
ગોપીચંદ	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
ભકતરાજ પીપાજી	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
સૂર—શ્યામ	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
રાધા પ્રેમભકિત	...નાટકના ઓપેરા ..	...૦—૨—૦

નરસિંહ મહેતો, મીરાંબાઇ, ગોપીચંદ, ભકતરાજ પીપાજી, ધ્રુવકુમાર, સૂરશ્યામ તથા રાધા પ્રેમભકિત નાટકની ભાષણ સહિત મોટી બુકો આઠ આનાની કીંમતે કંપનીમાંથી કોઇપણ વખતે મળી શકશે.

ગ્રન્થ કર્ત્તા.